ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૬ તા. ૧૧.૧૧.૨૦૧૭

---

## "સતત વિકાસ, જનજન કા વિશ્વાસ" પુસ્તકનું ભાજપના મીડિયા સેન્ટર ખાતે ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ દ્વારા ખુલ્લુ મુકાયું

---

## ૧૫ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ દિલ્હી ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે - શ્રી જીતુભાઇ વાઘાણી

---

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહિત પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી ઉપસ્થિત રહેશે

---

ભાજપાના થલતેજ સ્થિત મીડિયા સેન્ટર ખાતે આજ રોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતમાં ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવે સતત વિકાસ, જનજન કા વિશ્વાસ પુસ્તકનું વિમોચન કર્યુ હતુ.

ભાજપા જે કહે છે, તેના કરતાં પ્રજાની સુખાકારી માટે વધારે કરે છે અને ભાજપા જનહિત માટે સમર્પિત છે. તે સંદેશા સાથે ગુજરાતની અને કેન્દ્રની ભાજપા સરકારે કરેલી પ્રજાકલ્યાણલક્ષી કામગીરી આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

સતત વિકાસ, જનજન કા વિશ્વાસ પુસ્તકના વિમોચન પ્રસંગે ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયા, ડૉ. જગદીશ ભાવસાર અને મીડિયા ઇન્ચાર્જ ડૉ. હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ૭ થી ૧૨ નવેમ્બર, ૨૦૧૭ ગુજરાતમાં પ્રારંભ કરાયેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન એ ઐતિહાસિક જનસંપર્કનો કાર્યક્રમ બની ગયો છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે પ્રારંભ કરાવેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન આવતી કાલે ૧૨ નવેમ્બરના રોજ સંપન્ન થનાર છે. આ અભિયાન થકી ભાજપાએ ઘરે-ઘરે જઇ જનતાના આશિર્વાદ મેળવ્યા છે. જનતાએ ૩/૪ બહુમતિ સાથે વિજયી ભવના આશિર્વાદ આપ્યા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



તેઓશ્રીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭ના ઉમેદવારના સંદર્ભે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે, ૧૫ નવેમ્બરના રોજ દિલ્હી ખાતે કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે. આ બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહિત પ્રદેશ પ્રમુખ તરીકે હું ઉપસ્થિત રહીશ. રાજ્યની ચૂંટણી સમિતિએ નક્કી કરેલ ઉમેદવારોની પેનલ પર ચર્ચાના અંતે કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ આખરી મહોર મારશે અને ઉમેદવારોની જાહેરાત દિલ્હીથી કરાશે.

તેઓશ્રીએ ગુજરાતમાં થઇ રહેલ આંદોલનો ના સંદર્ભમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતા જાતિવાદ-જ્ઞાતિવાદ થી ઉપર ઉઠીને પોતાનો જનાદેશ આવનારા ચૂંટણીના પર્વમાં આપશે. કોંગ્રેસ અને આંદોલનકારીઓ વચ્ચેનો સંબંધ અને ગુજરાત વિરોધી, વિકાસ વિરોધી વલણ પ્રજાની વચ્ચે ખુલ્લું પડી ગયુ છે. ગુજરાતની જનતા સમજી ગઇ છે અને વિકાસ અને રાષ્ટ્રવાદને સમર્થન આપવાનું મન બનાવી લીધુ છે.

---------------

## રાજકોટ ખાતે મીડિયા સેન્ટરનું ઉદઘાટન કરતાં કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર

---------------

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭ માટે સુવિધા સંપન્ન મીડિયા સેન્ટરનું આજ રોજ રાજકોટ ખાતે કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરે ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી રાજુભાઇ ધ્રુવ, શ્રી નીતિનભાઇ ભૂત સહિત કાર્યકરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------

## સુરત ખાતે મીડિયા સેન્ટરનું ઉદઘાટન કરતાં કેન્દ્રના માહિતી પ્રસારણ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાની

---------------

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭ માટે સુવિધા સંપન્ન મીડિયા સેન્ટરનું આજ રોજ સુરત ખાતે કેન્દ્રના માહિતી પ્રસારણ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી નિરંજન ઝાઝમેરા, શ્રી વિનોદ જૈન સહિત કાર્યકરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા.૧૧.૧૧.૨૦૧૭

-------------

**ગુજરાત ગૌરવ મહા સંપર્ક અભિયાનમાં આવતીકાલે પૂર્ણાહુતિ પ્રસંગે ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ જોડાશે**

-------------

**કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરજી, શ્રી જે. પી. નડ્ડાજી, જનરલ વી. કે. સિંહજી, શ્રી થાવરચંદ ગેહલોત, શ્રી હરીભાઇ ચૌધરી, જશવંતસિંહ ભાભોર વિવિધ સ્થળોએ હાજર રહેશે**

-------------

**શ્રીમતી વિજયા રોહતકર, શ્રી વિનોદ સોનકરજી, શ્રીમતી રક્ષા તાઇ ખડસે, સાંસદ શ્રી પરેશ રાવલ વિવિધ સ્થળોએ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે**

-------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ખેડા જીલ્લાના કઠલાલ ખાતે,
પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી સુરેન્દ્રનગર અને વઢવાણ ખાતે,
નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અમદાવાદ જીલ્લાના સાણંદ ખાતે
ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડશે**

-------------

ગુજરાત રાજ્યમાં ૭ થી ૧૨ નવેમ્બર ભાજપા દ્વારા હાથ ધરવામાં આવેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના પૂર્ણાહુતિ પ્રસંગે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ, રાષ્ટ્રીય નેતાઓ જોડાશે, અને ઘરે ઘરે ગુજરાતના ગૌરવ અને ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ગુજરાતની પ્રજાજોગ સંદેશો અને ગુજરાતના વિકાસની પત્રિકા પહોંચાડશે, અને ગુજરાતની જનતા જનાર્દનના આશિર્વાદ મેળવશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, આવતીકાલે તા. ૧૨ નવેમ્બરના રોજ કેન્દ્રિય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરજી કર્ણાવતી મહાનગર ખાતે, કેન્દ્રિય મંત્રીશ્રી જે. પી. નડ્ડાજી અમદાવાદ જીલ્લાના વિરમગામ ખાતે, જનરલ વિ. કે. સિંહજી ભૂજ-કચ્છના કોડકી અને માધાપર ખાતે શ્રી થાવરચંદ ગેહલોત સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે, શ્રી હરીભાઇ ચૌધરી બનાસકાંઠાના થરા ખાતે અને શ્રી જશવંતસિંહજી ભાભોર દાહોદ જીલ્લાના લીમખેડા ખાતે ઉપસ્થિત રહી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

શ્રીમતી વિજયા રાહતકરજી, શ્રી વિનોદ સોનકરજી, શ્રીમતી રક્ષા તાઇ ખડસે, સાંસદ શ્રી પરેશભાઇ રાવલ રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં હાજર રહી ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાનમાં જોડાશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ખેડા જીલ્લાના કઠલાલ ખાતે, પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી સુરેન્દ્રનગર અને વઢવાણ ખાતે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અમદાવાદ જીલ્લાના સાણંદ ખાતે ગુજરત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ